# Day to Day Current Affairs

## 6.JAN 2016:

### ૧. પ્રણવ ધનાવડે : ક્રિકેટર

- એક હજારથી વધુ રન બનાવનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર.
- મુંબઈના 15 વર્ષીય પ્રણવ ધનાવડેએ ક્રિકેટ વિશ્વમાં 1009 નોટઆઉટ રન કરીને વિશ્વવિક્રમ કર્યો હતો.
- મુંબઈ ક્રિકેટ એસોસિએશનથી સંલગ્ન આંતરશાળા 16 વર્ષથી ઓછી ઉમરના કિશોરો માટેની ક્રિકેટ સ્પર્ધામાં કે.સી.ગાંધી ઈંગ્લિશ સ્કુલ માટે રમતા પ્રણવે એક જ દાવમાં 1009 રન નોંધાવ્યા.
- આ સિધ્ધિથી પ્રણવે 628 રનના સર્વોચ્ચ સ્કોરનો 116 વર્ષ જૂનો વિક્રમ તોડયો હતો.
- પ્રણવે મુંબઈના કલ્યાણના કોર્પોરેશન ગ્રાઉન્ડમાં આર્ય ગુરુકુલ ઈંગ્લિશ સ્કુલ વિરુધ્ધ આ ઐતિહાસિક ઈનિંગ રમી હતી.
- પ્રણવની ઈનિંગ :

  રન – 1009 (અણનમ)

  બોલ – 323

  સમય – 395 મિનિટ

  ચોગ્ગા – 129

  સીક્સ – 59
- આ સિધ્ધિ તેણે અન્ડર – 16 ભંડારી કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં નોંધાવી હતી.
- વિશ્વ ક્રિકેટમાં ટોપ સ્કોર :

| ખેલાડી | રન | વર્ષ |
|---|---|---|
| 1) પ્રણવ ધનાવડે | 1009 | 2016 |
| 2) એઈજે કોલિન્સ | 628 | 1899 |
| 3) સીજે ઈડી | 566 | 1902 |
| 4) પૃથ્વી શો | 546 | 2014 |

- પ્રણવની આ સિધ્ધિથી હવે તેના બાકીના શિક્ષણની અને ક્રિકેટ પ્રશિક્ષણથી જવાબદારી મહારષ્ટ્ર રાજ્ય સરકાર લેશે.
- તેમજ મુંબઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા આગામી 5 વર્ષ માટે માસિક 10 હજાર રૂપિયા અપાશે.

### ૨. 'ફોર્બ્સ અન્ડર – 30 અચિવર્સ' :

- પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ દ્વારા 30 વર્ષ સુધીની ઉમરના અચિવર્સની વાર્ષિક યાદી બહાર પડાઈ.
- આ યાદીમાં જૂદા – જૂદા વીસ ક્ષેત્રના 600 યુવક – યુવતીઓને સ્થાન મળ્યુ છે જેમા 45 ભારતીયો અને ભારતમાં જન્મેલા લોકોને સ્થાન મળ્યુ છે.

ફાર્બ્સની આ પાંચમી વાર્ષિક યાદી હતી.
- યાદીમાં વીસ જૂદા – જૂદા ક્ષેત્રો જેમા આટર્સ એન્ડ સ્ટાઈલ, ફુડ એન્ડ ડ્રિંક, વેન્ચર કેપિટલ, કન્ઝ્યુમર ટેકનોલોજી, મ્યુઝિક, મિડિયા જેવી વિવિધ કેટેગરીનો સમાવેશ થાય છે.
- આ પૈકી મિડિયાની કેટેગરીમા6 મૂળ વડોદરાના આશિષ પટેલને સ્થાન મળ્યુ છે. આશિષ પટેલ હાલ ન્યુયોર્કમાં 'નાઉ ધીસ મિડિયા' નામના મિડિયા હાઉસમાં વાઈસ પ્રેસીડેન્ટનો હોદો સંભાળે છે.

### ૩. ગુજરાત રાજ્ય સાયકલીંગ ચેમ્પિયનશીપ :

- નવસારી ખાતે રાજ્યકક્ષાની સાયકલીંગ સ્પર્ધાનુ6 આયોજન થયુ હતુ.
- આ સ્પર્ધામાં વિજેતા થયેલ 6 ખેલાડીઓ આગામી સમયે કેરલ ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામા6 ભાગ લેશે.

### ૪. એસ.એચ કપાડિયા :

- સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સરોષ હોમી કપાડિયાનું 5 જાન્યુઆરીના રોજ અવસાન.
- તેઓ 12મે 2010ના રોજ ભારતના 38માં ચીફ જસ્ટીસ બન્યા હતા.

### ૫. શ્રી હરિકોટા મથકે 50 લોન્ચિંગ કર્યા :

- શ્રી હરિકોટા ખાતે આવેલા ઇસરોના સ્પેસપોર્ટે 50 લોન્ચિંગની સિધ્ધિ હાંસલ કરી છે.
- ડિસેમ્બર સિંગાપોરના ઉપગ્રહો લોન્ચ કર્યા એ સાથે જ ઈસરોનું 50મું લોન્ચિંગ થયુ હતુ.
- આધ્રપ્રદેશના દરિયકાંઠે આવેલુ શ્રી હરિકોટા મથક ભારતનું એકમાત્ર સ્પેસપોર્ટ એટલે કે અવકાશી લોન્ચિંગનું મથક છે.
- ત્રણ બાજુ પાણીથી ઘેરાયેલા અને પુલકિટ સરોવર વચ્ચે આવેલા હરિકોટા ટાપુને બંગાળની ખાડી પણ અડકે છે.
- આ સ્પેસપોર્ટની સ્થાપના વિક્રમભાઈ સારાભાઈએ કરી હતી જેનુ પ્રથમ લોન્ચિંગ 1979માં થયુ હતુ.
- કુલ 50 પૈકિ સાત લોન્ચિંગ નિષ્ફળ ગયા છે.
- ભારતના અવકાશ વિજ્ઞાની અને ઈસરોના પ્રમુખ રહી ચૂકેલા સતિષ ધવનના નામે આ સ્પેસપોર્ટ સતિષ ધવન સ્પેસપોર્ટ તરીકે ઓળખાય છે.
- હાલમાં હરિકોટા મથકે બે લોન્ચિંગ પેડ છે અને ભવિષ્યની જરૂરીયાતને પહોંચી વળવા ત્રીજું લોંચિંગ પેડ તૈયાર થઈ રહ્યુ છે.
- ક્યાં વ્હિકલ દ્વારા કેટલા લોન્ચિંગ :

| રોકેટ | લોન્ચિંગ |
|---|---|
| એસએલવી | 4 |
| એએસએલવી | 4 |
| પીએસએલવી | 32 |

Vivekanand Academy Gandhinagar

જીએસએલવી 9

જીએસએલવી – એમકે 3 1

## પ્રશ્નો

૧. મુંબઇના ક્યાં ક્રિકેટરે અન્ડર – 16 સ્કુલ સિરિઝમાં 1009 (અણનમ) રન બનાવ્યા? – પ્રણવ ધનાવડે

૨. કઇ ટૂર્નામેન્ટમાં પ્રણવ ધનાવડે એ 1 હજાર રન બનાવ્યા? – અન્ડર-16 ભંડારી કપ ક્રિકેટ ટૂર્નામેન્ટ

૩. પ્રણવે કેટલા બોલમાં 1009 રન પુરા કર્યા ? – 323

૪. વર્ષ 2014માં મુંબઈના જ ક્યાં ક્રિકેટરે સ્ટૂક ટૂર્નામેન્ટમાં 546 રન કર્યા હતા? –પૃથ્વી શૉ.

૫. પ્રણવ ધનાવડેએ કઈ સ્કુલ તરફથી 1009 રન બનાવી વિશ્વરેકોર્ડ સર્જ્યો? – કે.સી.ગાંધી ઈંગ્લિંશ સ્કુલ

૬. પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ દ્વારા અન્ડર – 30 અચિવર્સમાં કુલ કેટલા નામોની યાદી બહાર પડાઈ અને તેના કેટલા ભારતીયોને સ્થાન મળ્યુ છે? – કુલ 600, 45 ભારતીયો.

૭. ફોર્બ્સ મેગેઝિનના અન્ડર – 30 અચિવર્સમાં ક્યાં મૂળ ગુજરાતીને સ્થાન મળ્યુ અને તે ક્યા6 ક્ષેત્ર સાથે સંકળાયેલા છે? – આશિષ પટેલ, મિડિયા.

૮. ગુજરાતમાં રાજ્યકક્ષાની સાયકલિંગ સ્પાર્ધા ક્યાં યોજાઈ? - - નવસારી

૯. આગામી સમયમા રાષ્ટ્રીય કક્ષાની સાયકલિંગ સ્પર્ધા ક્યાં યોજાશે? – કેરળ

૧૦. સુપ્રીમકોર્ટના ક્યા પૂર્વ ચીફ જસ્ટિસનું અવસાન થયું ? – એસ. એચ. કપાડિયા

૧૧. ભારતના સ્પેસ્પોર્ટ શ્રી હરિકોટા મથકે કેટલા લોન્ચિંગ કર્યા? – 50

૧૨. હરિકોટા સ્પેસ પોર્ટને ક્યાં અવકાશ વિજ્ઞાનીનું નામ મળ્યુ છે? – સતિષ ધવન

૧૩. સતિષધવન સ્પેસપોર્ટ ખાતે પ્રથમ લોન્ચિંગ ક્યારે થયુ હતુ? – 1979

Vivekanand Academy, Gandhinagar